# કાર્ટોગ્રાફર (નકશાંકન કરનાર/ માનચિત્ર કલા)

પ્રાદેશિક આયોજન, શિક્ષણ અને અન્ય હેતુઓ માટે નકશા અને ચાર્ટ બનાવવા અને તેને અપડેટ કરવા માટે કાર્ટોગ્રાફર્સ ભૌગોલિક માહિતીઓ એકત્રિત કરે છે, માપે છે અને તેનું અર્થઘટન કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે તર્કસંગત રીતે વિચારી શકો છો
- તમે વિશ્લેષણ કરવાની કુશળતા ધરાવો છો
- તમે વિગતો પર વિશેષ ધ્યાન આપો છો
- તમે સારી વાતચીત કરવાની કુશળતા ધરાવો છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. ભૂગોળના વિષય સાથે કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કાર્ટોગ્રાફી/ભૂગોળ/જીયોમેટિક્સમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો. ત્યારબાદ, તે જ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

ડિપ્લોમા ઈન જિયોગ્રાફિક ઈન્ફર્મેશન સિસ્ટમ (જી.આઈ.એસ.) પૂર્ણ કરો. આ એક કમ્પ્યૂટર સિસ્ટમ છે. નકશાંકન કરનારા, એકત્રિત ડેટાને સંગ્રહિત કરવા અને તેનું વિશ્લેષણ કરવા માટે આ સિસ્ટમનો ઉપયોગ કરે છે.

કાર્ટોગ્રાફી / ભૂગોળ / જીયોમેટિક્સમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, તે જ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કાર્ટોગ્રાફરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૨૯,૦૦૦ થી ૩૦,૩૩૯*** જેટલું હોય છે.

૬ થી ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા કાર્ટોગ્રાફરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૪૩,૦૦૦ થી ૪૪,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોતઃ https://bit.ly/3YOP5LG

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** એન્જિનિયરીંગ, આર્કિટેક્ચરલ અને સર્વે કંપનીઓ, સરકારી વિભાગો, નકશા પ્રકાશિત કરનારા પુસ્તક પ્રકાશકો વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક કામ કરશો.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → કાર્ટોગ્રાફર → સિનિયર કાર્ટોગ્રાફર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કાર્ટોગ્રાફર, મેપ મેકર, જી.આઈ.એસ. એનાલિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ રાજકીય જીયોગ્રાફી/જીયો-ઈન્ફોર્મેટીક્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.કે.બી.યુ., ભાવનગર
૨. બર્દવાન યુનિવર્સિટી, પશ્ચિમ બંગાળ
૩. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સર્વેઈંગ એન્ડ મેપિંગ, હૈદરાબાદ
૪. જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટી, દિલ્હી
૫. એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા
૬. ઉત્તર ઓરિસ્સા યુનિવર્સિટી, બારીપાડા
૭. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૮. પંડિત રવિશંકર શુક્લા યુનિવર્સિટી, રાયપુર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એસ.પી.યુ., વિસનગર
૨. અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ
૩. બિરલા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, મેસરા, રાંચી
૪. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૫. સ્પાઈસર એડવેન્ટિસ્ટ યુનિવર્સિટી, પુણે
૬. એ.આઈ.એસ.ઈ.સી.ટી. યુનિવર્સિટી, હજારીબાગ
૭. એમિટી યુનિવર્સિટી, કોલકાતા
૮. અરુણાદોય યુનિવર્સિટી, ઈટાનગર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ડૉ. આર. જગન્નાથન** મદ્રાસ યુનિવર્સિટીના ભૂગોળ વિભાગમાં પ્રોફેસર અને વડા છે. તેમણે ભૂગોળમા સ્નાતક, એપ્લાઈડ જિયોગ્રાફીમાં એમ.એસ.સી., ઈકોલોજી અને એન્વાયર્નમેન્ટમાં પી.જી. ડિપ્લોમા, હાઈડ્રોલોજીમાં પોસ્ટ ગ્રેજ્યુએશન અને જીઓગ્રાફી, અર્થ સાયન્સમાં પી.એચ.ડી.ની પદવી હાંસલ કરેલ છે. પ્રોફેસર જગન્નાથન કહે છે કે ‘‘વિદ્યાર્થીઓ કાર્ટોગ્રાફિક વ્યાકરણ શીખે છે અને વેબ નકશા સહિત ડિજિટલ-મેપિંગમાં ઉચ્ચ-સ્તરની કુશળતા મેળવવા માટે પ્રયોગશાળામાં કાર્ય કરે છે. કાર્ટોગ્રાફી એ એક રસપ્રદ કારકિર્દી છે કારણ કે તે કલા, વિજ્ઞાન અને ટેકનોલોજીનું એક સાચું મિશ્રણ છે," .*

સ્ત્રોત:https://www.unom.ac.in/index.phproute=department/department/profile&deptid=34&facultyid=108

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.